# CC No. 302/2024

## આરોપી ઓ ની પ્લી લગત હુકમ

આ કામના આરોપીઓ વિરુધ જુગારધારાની કલમ ૧૨ (અ) મુજબના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે. આજરોજ આરોપીઓ નંબર (૧૦) અણદાભાઇ ચેહરાભાઇ પરમાર, ઉં.વ.૫૦, ધંધો : મજુરી, રહે. ખારીપાલડી, તા.ભાભર, જી.બ.કાં., (૨૨) ઇનાયતખાન અહેમદભાઇ સિપાઇ, ઉં.વ. ૩૨ વર્ષ , ધંધો : ડ્રાઇવીંગ, રહે. થરાદ પશુ દવાખાના પાસે, તા. થરાદ, જી. બ.કાં. નાઓ હાજર રહેલ છે. ત્યારબાદ આરોપીઓને પોલીસ તપાસની નકલો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીઓની પ્લી રેર્કડ કરતા તેઓ ગુન્હો સ્વૈચ્છીક રીતે અને રાજી ખુશીથી ગુનાની કબુલાત કરેલ છે. તેમજ આ અંગે અલગથી કબુલાત પુરસીસ આપેલ જેમાં તેઓએ ગરીબી અને મજુર માણસ હોઈ અને ઓછામાં ઓછી સજા / દંડ કરવા અરજ કરેલ છે. આરોપીઓ તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે ગુન્હો કબુલ કરતા હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવેલ છે. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરદાસજી ઠાકોર ૨૦૦૫ (૧) જી.એલ.આર. પેજ. ૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતો ધ્યાને લેતા આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં લઈ દંડ કરવા પુરતા અને વાજબી કારણો જણાતા હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**-હુકમ-**

(૧) આ કામના આરોપીઓ નં. ૧૦ અને ૨૨ નાઓ ને જુગારધારાની કલમ-૧૨ (અ) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીઓને આરોપી દીઠ રૂપિયા ૨૦૦/- ( અંકે રૂા.બસ્સો પુરા ) નો દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડની રકમ ના ભરે તો ૨(બે) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના અન્ય આરોપી નં. ૨૬ પુરતો કેસ ચાલુ હોય મુદ્ધામાલ અંગે હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(એ.કે.સોમાણી)

મું. ભાભર — જ્યુ.મેજી. ફ.ક.,ભાભર.

તા. ૦૬/૦૮/૨૦૨૫ — કોડ નં. જી.જે.૦૧૬૯૦